

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧



સલામી સવારની..

કોઇ પદ વિના ભટકે, એનું દુખે છે પેટ!
કોઇ પૂછાતું ન પાંચમાં, એનું દુખે છે પેટ!
મળતો ન માભો ક્ષેત્રમાં, એનું દુખે છે પેટ!
સાચો-સાદો ખોરાક ખાઇ, એનું દુખે છે પેટ!
(વિધાનસભાના પાણીથી પેટનો દુખાવો...)



હાઇકુ

આ તો અટક્યો -
છછુંદરને ગળે -
લ્યો! અજગર?!
(અમને નથી જાણ કરતા કે
(પૂછતા પણ નથી)

લાગ્યું ગ્રહણ -
ભૂમિ અધિગ્રહણે -
વિપક્ષો એક..
(ઉદ્યોગપતિઓને પ્રસન્ન
કરવાની ઉતાવળ)

## ચિંતન

**ત્વં રાજા વયમપ્યુપાસિત ગુરુપ્રાજ્ઞાભિયાનોન્નતાઃ । ખ્યાતસ્તવ વિભવૈયશાંસિ કવયો દિક્ષુ પ્રતન્વન્તિ નઃ ।**
**ઇત્યં માનદ નાતિ દૂરમુભયોર પ્યાય યોરન્તરં યદ્ય સ્માસુ પરાંગમુખો અપિ વયમપ્યેકાન્તતો નિસ્પૃહાઃ ॥**

હે માનનીય રાજન્! તમે રાજા છો તો અમે પણ ગુરુજનોની સેવા અને કૃપાથી અમને મળેલી બુદ્ધિના ગૌરવ અને અભિમાન વડે મસ્તક ઊંચુ રાખીને રહીએ છીએ. તમે વૈભવ અને ધન-સંપત્તિથી ખ્યાતિ ધરાવો છો તો અમે પણ અમારી વિદ્યા અને સાહિત્યપ્રેમથી સંપન્ન છીએ અને રસિકજનો-કવિઓ અમારા યશ-કીર્તીને જાતે જ ફેલાવે છે.

એ રીતે જોતાં હે રાજન આપણા બંને વચ્ચે કંઇ બહુ અંતર નથી. એથી કરીને જો તમે અમારાથી વિમુખ હો - રહો તો અમે પણ તમારાથી નિસ્પૃહ રહી શકીએ છીએ.

ઘણીવાર ધનિકો-સંપત્તિવાન લોકો પોતાના ધન-વૈભવના મદ-અભિમાનમાં વિદ્યામાન-પંડિતો-સાહિત્યકારોને પોતાનાથી તુચ્છ સમજે છે અને આપવું જોઇતું માન-સન્માન આપતા નથી અને એમનાથી અંતર-દૂરી રાખે છે. આ શ્લોક કવિશ્રી એમને સમજનો ઠપકો આપીને કહે છે અમારી પાસે પણ ગુરુ દ્વારા પ્રાપ્ત વિદ્યાની અમૂલ્ય-સંપત્તિ છે. અમારાં સર્જનો અને જ્ઞાન દ્વારા અમે પણ આ જગતના અભિવાવકોના હૃદય સિંહાસન પર બિરાજમાન છીએ.

## સુવિચાર

- સૌથી મોટી શરત એ જ છે કે ઉદાસીને જીવનમાંથી નિર્મૂળ કરવી હોય તો બહારની દુનિયામાં નિરાશ થઇ જવાની જરૂર નથી, બહારની દુનિયામાં આશાથી જયાં સુધી જોડાયેલા રહીએ છીએ ત્યાં સુધી ઉદાસી પણ જોડાયેલી રહે છે **- જ્ઞાનસૂત્ર**
- જયારે બનેલા પ્રસંગમાં તમે કર્તા પણ ન લાગો અને કારણ પણ ન લાગો, એક માત્ર બહાનું લાગો ત્યારે 'નિમિત્ત ભાવ' ની દુનિયામાં પ્રવેશ થયો છે એમ જાણવું **- ઝેન કથન**
- રાત-દિવસ મન બોલ-બોલ જ કરતું હોય તો તેને શબ્દ વગરનાં થતાં કોણ શીખવાડે? સત્સંગ એ આ દિશામાં પહેલું પગથિયું છે **- મોરારી બાપુ**
- ઇશ્વરની ઝલક શબ્દમાંથી નહીં મૌનમાંથી પ્રગટે છે, શબ્દો ત્યારે સપના જેવા લાગે છે અને શબ્દો ખરેખર ત્યારે કોઇ ખપના ન લાગે **- જનકલ્યાણ**
- દુઃખ એ કર્મના જગતની અમાસ છે, સુખ એ કર્મના જગતની પૂનમ છે, પણ સદ્ગુણ એ તો ધર્મના જગતનું આકાશ છે **- શાહબુદ્દીન રાઠોડ**
- સોયની સલામતી દોરામાં છે, રૂપિયાની સલામતી પાકીટમાં છે, તો શુભવિચારની સલામતી શુભ આચારમાં છે **- માનસસૂત્ર**
- પાપ કરતી વખતે હદ નક્કી કરી નહોતી અને દુઃખ ભોગવવાના આવે ત્યારે આપણે 'હવે તો હદ થઇ ગઇ'નો પોકાર કરીએ તે કેમ ચાલે? **- એસ. ભટ્ટાચાર્ય**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે તમામ પ્રકારના મોહ-માયા મૂકીને મંદિરે ઇશ્વરના સાનિધ્યમાં જઇએ છીએ. કથા સત્સંગ વગેરે જગ્યાએ બૂટ-ચંપલ ચામડાંના હોય કે ગંદા-હોય તેથી પવિત્ર જગ્યા-વાતાવરણમાં લઇ જતા નથી (હવે તો કોમ્પ્યુટર રૂમને પણ આ નિયમ લાગુ પડે છે) પરંતુ આપણા ત્યાગી આત્મા એ રસ્તો કાઢ્યો - પ્લાસ્ટિક થેલીમાં ચંપલ-જોડા ભરી મંદિરમાં જઇએ છીએ. કોઇ ઉપાડી ન જાય એટલા માટે સ્તો!

મુલ્લા નસરૂદ્દીન નમાજ પડી, મસ્જિદમાંથી બહાર આવ્યા. નવાં ને નવા ચપલ મુલ્લાંનો ત્યાગ કરી અન્ય કોઇની પગની સેવામાં પહોંચી ગઇ હતી. બીબી ગુમાવ્યા જેટલું જ દુઃખ થયું. પણ ત્યારથી નિયમ કર્યો કદી ચંપલ ઉતારવાં નહીં અથવા થેલીમાં નાખી સાથે ને સાથે જ રાખવાં ભલે ઇબાદતની જગ્યા હોય કે ધાર્મિક વ્યાખ્યાન ત્યારથી મુલ્લાં બૂટ-ચંપલ થેલીમાં ભરી-જાકીટમાં સંતાડીને જ લગ્નપ્રસંગ વગેરેમાં જતા.

નસરૂદ્દીન હાજરજવાબી-બુદ્ધિમાન અને વાચનના શોખીન હતા. એક લગ્નમાં ગયા ત્યારે પેલી થેલી બગલમાં ભરાવી હતી. યજમાનને મળી નિકળી જવાની ઇચ્છા હતી. યજમાને તરત પૂછ્યું, મિયાં, તમારી બગલમાં કયું નવું પુસ્તક છે? જરા બતાવો તો ખરાં!! મિયાં મુંઝાણાં - પણ તરત કહ્યું - જરાં ગંભીર વિષયનું છે, 'દૂરંદેશીપણું...' નિરાંત વાંચવા આપીશ.

Email - sureshchandrabhatt18@gmail.com

# વહાલથી WhatsApp સુધી... આજ ના છોડેંગે બસ હમજોલી ખેલેંગે હમ હોલી...!!

'લાગણીના જળ વડે મર્દન કરું છું, અક્ષર બે કાગળ પર લખીને ચંદન કરું છું. બે ગીત-બે ગઝલ અને ગીતના બે ફુલ ચઢાવીને માતૃભાષાને પ્રથમ વંદન કરું છું.' જેવા મધુરા ટહૂકા સાથે નિમેષ રાવલે આર્ટ્સ લવર્સના રંગોત્સવના કાર્યક્રમની શરૂઆત કરાવી અને ગત વર્ષની કામગીરીની રૂપરેખા આપી... આર્ટ્ લવર્સની હોળી-ધૂળેટીના કાર્યક્રમની સૌ આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે. જેમ નવરાત્રી તો કલ્ચરલ ફોરમની એમ જ હોળી-ધૂળેટી તો આર્ટ લવર્સની જ...

કાર્યક્રમનું ટાઇટલ જ આકર્ષે એવું હતું. વહાલથી વૉટ્સઅપ સુધી. અને દિપ પ્રાગટ્ય કરવા વહાલથી પધારેલા દોલત ભટ્ટ, રાઘવજી માધડ, પી.આઇ. પ્રવીણ વાલેરા સાથે પ્રમુખ ઋષીકેશ ભટ્ટ અને અંકિત ત્રિવેદીના હસ્તે રંગોના તહેવારનો ગુલાલ કરવાનો સંકલ્પ થયો... સ્વાઇન ફલૂની ઇફેક્ટ સામે રક્ષણ મેળવવા પ્રવેશ દ્વારે જ સૌને જૈન બનાવાયા એટલે કે માસ્ક પહેરાવાયાં.... આર્ટ લવર્સમાંતો દરિયાશી મોજ અને ઉપરથી કુદરતની રહેમ છે. જેવી વાત સાથે ઋષીકેશ ભટ્ટ ફરીવાર પ્રમુખ પદે આરૂઢ થયાં. એમની ટીમમાં મંત્રી રાજન શાહ, ખજાનચી નીલય દેસાઇ, સહમંત્રી શાંતિલાલ ઘોઘારી અને નીરવ દવે જોડાયાં. આ વર્ષે આમંત્રણ કાર્ડ માટે નવી ટેકનોલોજી અપનાવી સૌને હાજર રાખવાની ખાત્રી નવાં પ્રમુખે આપી....

**'આર્ટ્સ લવર્સ' ના રંગોત્સવમાં ગુજરાતી-હિન્દી ફિલ્મી ગીતોના ગમતીલા ગુલાલની સંગીતમય હોળી ઉજવાઇ : 'કલોઝ ટૂ માય હાર્ટ' ના જગજીતસિંગના મનગમતા ગીતો સાથે અંકિત ત્રિવેદીનું ખજૂર જેવું ગળચટ્ટું અને ધાણી ફૂટે હાસ્યની છોળો ઉડાળતું સેન્સ ઓફ હ્યુમર સભરનું સંચાલન શ્રોતાઓ પર હોળીના રંગ ઘાટ્ટાં કરી ગયું**

રંગોત્સવ એ મન-હૃદયના બોજાને હોળીમાં હોમવાની વાત સાથે યા દેવી સર્વ ભૂતેષુ... યા કુન્દેઋતુ શારહાર ધવલા.... સર્વ માંગલ્ય માંગલ્યે સાથે નિસારેગાનો આલાપ અને સહના વતુ, સહનૌ ભૂનકતુ જેવાં વૈદિક ગાન સાથે વાતાવરણમાં જે વાઇબ્રેશન ઊભાં થયા એ સ્વાઇન ફલૂને ભગાવવા સક્ષમ હતા...

'લાગણીનું ગામ તો તને યાદ હશે, લાગણીનો મુકામ તો તને યાદ હશે.' ધૂળેટી એ રંગોનો, સ્પર્શનો તહેવાર છે, સૌને ગુલાલ પૂર્વક સ્વાગત છે એમ કહી ગુજરાતી ગીત-ગઝલના બહુમૂલ્ય ઘરેણાં જેવાં અંકિત ત્રિવેદીએ સૂત્રસંચાલન સંભાળી દીધું... આજના કાર્યક્રમના ચાર ગાયકો પરાગી અમર, દિવ્યાંગ અંજારીયા, આનલ વસાવડા અને પ્રહર વોરા એટલે જાણે રફી-લતા અને કિશોર-આશા જેવું સજ્જડ સંયોજન... કાર્યક્રમમાં ગુજરાતી-હિન્દી બંને ગીતો સમાવી કાર્યક્રમ માણવા જેવો બનાવી રાખ્યો.



ઉઘડતે પડદે

સંજય થોરાત

hellogandhinagar@gmail.com

'એક તો તું પોતે ગુલાબી... ને તને રંગવા ઉડાડ્યો ગુલાલ... કે હોળી રમશું રે...' ગૌરાંગ વ્યાસના ગુજરાતી ગીતથી જ હોળીનો ગુલાલ ઉડાડ્યો... 'રંગો સે રંગ મીલે, નયે નયે રંગ ખીલે, આજ પિયા ઘર આયેંગે'નાં મધુરાં ગીતમાં 'અનહદ નાદ જગાવો' પર ઘેરા મીઠાં અવાજના માલિક પ્રહર વોરાએ કામણ પાથર્યા...




અમરેલી-અમદાવાદ પ્રવાસની બસ ટિકીટ પાછળ રમેશ પારેખ દ્વારા લખાયેલું ગીત 'સાંવરીયા રે, મારો સાંવરીયો, હું તો ખોબો માંગુને દઇ દે દરિયો... જાણે અત્તર ઢોળાયું રૂમાલમાં, એવી લથબથ ભિંજાણી હું વહાલમાં' ના માદક ગીત બાદ ઘણાંબધાં કલાકારોની પ્રથમ ફિલ્મ 'લાખો ફુલાણી' જેમાં ગૌરાંગ વ્યાસ, પ્રફુલ દવે, રિટા ભાદુરી, કિશોરકુમાર બધાંની એન્ટ્રી હતી અને અવિનાશ વ્યાસ - દાન અલગારી એ જેના શબ્દો રચ્યાં હતા એવું ગીત 'મણિયારો તે હાલું હાલું થૈ રીયો ને મારા દલતાં ઉદાસીમાં હોય રે, છેલ મૂંજો હાલારી મણિયારો' ગીત જામી ગયું... દરેક મહેફીલની શાન બનતું ગીત 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રાજ' પણ સરસ ગવાયું...

કવિ-લોક સાહિત્યકાર - સર્જક અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની મેડલી રજુ થઇ... હે તને જાતાં જોઇ પનઘટની વાટે મારું મન મોહી ગયું - હે તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે, આતો કહું છું રે પાતળીયાં તને અમથું - હે રંગલો જામ્યો કાલંદડીને ઘાટ, છોગાળા તારા, હો રે છબીલા તારાં રંગભેરું જુવે તારી વાટ - માલા રે માલ વેરણીયું લાલ નવી તે વહુના હાથમાં રૂમાલ - હું તો ગઇ તી મેળે મન મળી ગયું એની મેળે મેળામાં હૈયું હણાઇને ગયું તણાઇ, જોબનના મેળામાં - ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય - મન મોર બની થનગાટ કરે - અષાઢ ઉચ્ચારમ્ મેઘ મલ્હારમ્... આખોય માહોલ ઝવેરચંદ મેઘાણીને સમર્પિત રહ્યો...

'કેસરીયા બાલમા, આવોની પધારો મ્હારે દેશ રે' અને શાસ્ત્રીય સંગીતના ખેરખાં જેવા શિવકુમાર શર્મા અને હરિપ્રસાદ ચૌરસીયાની બેલડી એટલે 'શિવ-હરિ'ના સંગીત મઢ્યું 'લમ્હે'નું ગીત 'મોરની બાગામાં બોલે આધી રાતમાં' લતા મંગેશકર અને ઇલા અરૂણ બંનેના અવાજની વેરાયટી માણવા મળી...

જગજીતસિંહના ગીતો સાંભળીએ એટલે આપણું એકાંત ઓળખાય, એમણએ ગાયેલા નહીં પણ એમનાં મનગમતાં ગીતો 'કલોઝ ટૂ માય હાર્ટ'ની આખી મેડલી રજૂ થઇ...

કહી દૂર જબ દિન ઢલ જાયે સાંજ કી દૂલ્હન બદન ચૂરાયે ચૂપકે સે આયેં - ઇક પ્યાર કા નગ્મા હૈ, મોજો કી રવાની હૈ, જિંદગી ઔર કુછ ભી નહીં તેરી મેરી કહાની હૈ - યાદ કિયા દિલને કહાં હો તુમ, ઝુમતી બહાર હૈ કહાં હૌ તુમ પ્યાર સે પુકાર લો જહાં હો તુમ - યે નયન ડરે ડરે, યે જામ ભરે ભરે જરા પીને દો, કલ કી કિસકો ખબર - કહી દૂર જબ દિન ઝલ જાયેં સાંજ કી દૂલ્હન બદન ચૂરાયેં ચૂપકે સે આયેં... વન્સમોરની તાળીઓથી શ્રોતાઓએ ડિમાન્ટ કરી અને છેલ્લાં બે ગીતો સાથે કલાકારોએ રાજીપો પણ કરાવ્યો...

હિન્દુસ્તાની સંગીતની સુવાસ જેવું ગુગળ અને ઉર્દૂની મહેક જેવા લોબાનથી સુગંધીત સૂફી સંગીતની મેડલી રજૂ થઇ... 'મૌલા મેરે લેલે મેરી જાન, નૈના ઠગ લેંગે જગતે જાદૂ ફૂંકે તેરે મીઠે ખંજર - તેને નામ સે જીલું તેરે નામ સે મર જાઉં તેરી જાન કે સદકે મેં કુછ ઐસા કર જાઉં, તું ને કયાં કર ડાલા, મર ગઇ મીટ ગઇ મૈં હારી, તેરી દિવાની... ભક્તિનો - વૈરાગ્યનો માહોલ બની રહ્યો... ગાયકોને સુરીલું પીઠબળ આપતાં વાદ્યકારો તબલા - મનીષી રાવલ, ઢોલક - હિતેશ ઉપાધ્યાય, ઑકટોપેડ - મનીષ કંસારા, ગિટાર - રાજેસ મટ્ટા અને સંગીત સંચાલન મયુર દવે... સંગીત અને ગાયક વચ્ચેના સૂમેળભર્યા સંબંધે ગીતો બધાં માણવાં જેવાં બની રહ્યાં...'

આ કાર્યક્રમનું સજ્જડ પાસું એટલે ગુજરાતી સાહિત્યને ધબકતું રાખવા અવિરત કાર્યરત એવા યુવા કવિ અંકિત ત્રિવેદી. એમની ભાષા પરનું પ્રભુત્વ, વાણીની મિઠાશ ખજૂર જેવી ગળચટ્ટી તો સેન્સ ઓફ હ્યુમર અફલાતૂન, હળવી-સાંસારીક વાતો સાથે ધાણી ફૂટે એમ એમનાં કૌશલ્યથી શ્રોતા ખડખડાટ હસતાં રહે... 'ધાર્યું ધણીનું થાય' આ કહેવત જ ખોટી છે, ઘેર જામતું નથી ને બહાર ફાવતું નથી, ના પિયર ના સાસરે હનુમાનજીના આસરે...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મધર્સ ડે અને ફાધર્સ ડે ઉજવવા માત્રથી માતા-પિતાનું ઋણ ન ચુકવાય એમના માટે તો આખી જીંદગી કુરબાન કરો તોય ઓછી પડે...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

શ્યામસુંદર અને રમાગૌરી નિશ્ચિંત હતા, અંકિત તેમનો એક માત્ર દીકરો હતો. આ દીકરો ઘડપણની ઓથ બનશે. સરકારી નોકરી છે. પેન્શન આવશે પાછલી જીંદગીની પછી શી ફિકર? પણ દીકરાઓના ભરોસે જીવન સાગરમાં હલેસા મારનારા અધવચ્ચે ડુબ્યા છે કાં તો કિનારે પહોંચતા મોઢે ફીણ આવી જાય છે. શ્યામસુંદર અને રમાગૌરીની બસ આવી જ અભિલાષા, એકનો એક દીકરો છે. જે છે તે બધું એને જ ભોગવવાનું છે પછી આપણી સેવા નહિં કરે તો મેળવશે શું? ભવિષ્યની કોઇ પણ ચિંતા કર્યા સિવાય દીકરાને ખુબ લાડકોડથી ઊછેરવામાં એને કોઇ જાતની ઊણપ ન વર્તાય તેનો ખ્યાલ રાખતા. પણ કાળની ગતિ કંઇક ન્યારી જ હોય છે એ ગંજીપાના પાના ચીપે ત્યારે જીતની બાજી ક્યારે હારમાં પલટાય અને હારીન બેઠેલો માનવી અચાનક બાજી જીતી જાય. અંકિતમાં યુવાની ફુટવા લાગી અને તે વૈશાલીને દિલ લઇ બેઠો. આ પ્રેમે તેના હૃદયમાં વૈશાલી માટે જગા કરી દીધી. પ્રેમ લગ્ન હોય એટલે મા-બાપે કંઇ વાંધો લેવાનો હોય જ નહિ એમને તો રીસેપ્શનમાં ફક્ત હાજરી આપી આશીર્વાદ જ આપવાના હોય. અને પછી તો ઘરમાં આવેલી વહુ તેમને કેવી રીતે સાચવશે તેની પ્રતિક્ષા જ કરવાની રહે. આમ કરવામાં વહુને પણ સાચવવાની અને દીકરાને પણ ખોટું ન લાગે તેની સાવધાની રાખવાની. કારણ કે પ્રેમલગ્ન એ મા-બાપ અને દીકરા વચ્ચે અથવા તો મા-બાપ અને દીકરી વચ્ચે ફારગતીનો દસ્તાવેજ છે. નવપરણિત યુગલોમાં અપેક્ષાઓ બહુ ઊંચી હોય છે. કલ્પનાની ઉડાનનો કોઇ અંત હોતો નથી એમાં મા-બાપ તેમના માટે હંમેશા આડખીલીરૂપ બને છે.

માતા-પિતા ગમે તેટલું લેટ-ગો કરે તો પણ... જુની પેઢી અને નવી પેઢી વચ્ચેનું અંતર એ તો સદીઓ જુની પરંપરા છે. કયાંક પરિણામ સારું પણ મળતું હશે પણ મા-બાપને હંમેશા ઊચાટમાં રહેવું પડે છે. અંકિત અને વૈશાલીના લવમેરેજને બંને પરિવારોની સંમતિ મળી ગઇ. થોડો સમય ઠીકઠાક ચાલ્યું, પણ છ જ મહિનામાં વૈશાલીએ અંકિતને કહ્યું, 'ડીયર, હું મારા માતા-પિતાની એક માત્ર દીકરી છું, મને દીકરાની જેમ પાળીપોષી મોટી કરી છે, એટલે મારી પણ ફરજ બને છે કે તેમની જીવન સંધ્યામાં મેઘધનુષી રંગ પુરવા. હું તેમને છોડી શકું તેમ નથી. તારે ઘરજમાઇ બની પપ્પા-મમ્મીની સાથે જ રહેવું પડશે.'

તું તારા મમ્મી-પપ્પાને ભુલી જા તેમને પેન્શન આવે છે. મિલકત પણ ઘણી છે. ઘરમાં એક-બે નોકર રાખે તો વાંધો આવે તેમ નથી. નવો નવો પ્રેમ, લાગણીના ઉછળતા તરંગો, એકબીજા માટે સમર્પિત થવાના કરેલા વાયદા, આકાશના તારા તોડી લાવવાની મારેલી ફીશીયારી, અને ત્યારે પ્રેમિકામાં જ જન્નતના દર્શન થતા હોય એવું પાગલપન.... પત્નીને નારાજ તો કેમ કરાય? અને અંકિતે આ પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લીધો. અંકિતકુમાર ઘર જમાઇ બની રહેવા લાગ્યા. મા-બાપનો એક માત્ર સહારો દગો ગયો. પણ વૃદ્ધત્વ ઢગલાબંધ લાચારી અને ઓશિયાળાવાળું લઇને આવે છે. આંખોની ચમક અને પગનું જોર ઓછું થતું જાય છે. ઢીંચણની ઢાંકણીઓ ઘસાતી જાય છે. છતાં દેવના દીધેલ દીકરાની ઉપરવટ જવાની હિંમત ચાલતી નથી. શ્યામસુંદર અને રમાગૌરીએ એકબીજાના ખભે માથું મુકી બે આંસુ સારી લીધા... કરે પણ શું?

છતાં અંકિતને હિંમત કરીને કહ્યું દીકરા, આવડા મોટા બંગલામાં અમારે એકલા રહેવાનું? તારી મમ્મીને આંખે મોતીયો આવ્યો છે. કેડના મણકામાં ઘસારો છે કામ કરી શકતી નથી. હું પણ બીપી અને ડાયાબીટીશનો દર્દી છું છતે દીકરે અમારે વાંઝીયાપણુ ભોગવવાનું? પણ અંકિતને પ્રેમનો નશો ચઢેલો. આ નશો ઠોકર ખાધા સિવાય ઉતરતો નથી. અંકિતે પ્રેમાળ પત્નીની જીદ આગળ માતા-પિતાની લાગણીને ઠોકર મારી અને સાસુ-સસરાની સેવામાં લાગી ગયો. ધીરે-ધીરે માતા-પિતા ભુલવા લાગ્યા. જેને આપણે પોતાની માની બેસવાની ભુલ કરીએ છીએ તે પીઠ પાછળ કયારે ખંજર હુલાવી દે સમજી શકાતું નથી. ઘરમાં તોફાન કરતા દીકરાને મા-બાપ કયારેક કહી શકે, 'મારા ઘરમાં આવી ગેરશિસ્ત નહીં ચાલે.' પણ લગ્ન પછી દીકરો કયારેક મા-બાપને આવું જ સંભળાવી દે છે. જો તમે ગફલતમાં રહ્યા તો તમારું પોતાનું ઘર કયારે પારકું બની જાય તે કહી ન શકાય. સમાજમાં લાગણીના તર્કો સમયે સમયે બદલાય છે.

વૈશાલીના પ્રેમનો દિવાનો અંકિત એમ સમજતો હતો કે વૈશાલીની ગેરહાજરીમાં મારા જીવનમાં સન્નાટો વ્યાપી જાય છે. મારા સન્નાટાનો કોલાહલ, મારા હૃદયનો ધબકાર એટલે જ વૈશાલી... અને આ બાજું શ્યામસુંદર અને રમાગૌરીને વિશાળ બંગલો સ્મશાન જેવો ભેંકાર લાગવા માંડ્યો. હવે અંકિત સંપૂર્ણ સાસરી પક્ષનો થઇ ગયો હતો.

તેના પ્રત્યે લાગણી, મમતા, સ્નેહ બધું ઝાંઝવાના જળ જેવું થવા લાગ્યું. અને તેમણે આકરો નિર્ણય કર્યો. આ વિશાળ બંગલો વેચી નાનું મકાન લઇએ તેમાં આરામથી રહીશું જે કંઇ મુડી વધશે તેના વ્યાજમાંથી જ જીંદગી પુરી થઇ જશે. કોઇ ગરીબ દીકરાને દત્તક લઇ તેના આશરે જીંદગી પુરી કરીશું. વિશાળ બંગલો માતબર રકમમાં વેચાંયો. અડધી કિંમતમાં સુંદર ફ્લેટ લીધો. ઘરકામ માટે નોકર રાખી લીધો. ફરવા માટે ઓલ્ટો ખરીદી લીટી. હવે કોના માટે ભેગુ કરવાનું? અંકિતને આ વાતની ખબર પડી પણ તેને ચિંતા ન હતી. સસરાની મિલકતનો તે એકમાત્ર વારસદાર હતો... વૈશાલીએ આગળ અભ્યાસ ચાલુ રાખી એમબીએ થઇ. ઊંચા પગારની નોકરી મળી. તેનો બોસ રંગીન સ્વભાવનો અને હેન્ડસમ તેમજ કુંવારો હતો તેની સાથે આંખ મિલોલી શરૂ થઇ અને એકવાર તે બોસને સંપૂર્ણ સમર્પિત થઇ. બોસે તેના પર સંપૂર્ણ અધિકાર જમાવી દીધો. અને હવે વૈશાલીને અંકિતમાંથી રસ ઓછો થવા માંડ્યો. તેની રીતભાત, તેનું વર્તન બધુ તેને હવે દેશી લાગવા માંડ્યો. તેને થયું અંકિત સાથે મારી જોડી જામતી નથી.

હવે તે વાતે વાતે અંકિતને ઉતારી પાડતી, કયારેક અપમાન કરી નાખતી, અંકિતને આ પરિવર્તન ખુંચવા લાગ્યું પણ તે લાચાર હતો.... બોસના પ્રેમમાં સર્વસ્વ સમર્પિત કરી ચુકેલી વૈશાલીએ એક દિવસ અંકિતને કહી દીધું અંકિત હવે આપણે જીંદગી સાથે માણી શકીએ તેમ નથી. જેટલા વર્ષ સાથે રહ્યા તેને સ્વપ્ન માની મને ભુલી જા તુ તારી રીતે અલગ જીંદગી જીવવા સ્વતંત્ર છે... વૈશાલીમાં આવેલા આ અચાનક પરિવર્તનથી અંકિત હચમચી ઉઠ્યો.... એની આંખે અંધારા આવી ગયા. જાણે જીંદગીમાં પૂર્ણવિરામ મુકાઇ ગયું. સ્ત્રીઓ જેટલી કોમળ હોય છે એટલી જ કઠોર પણ બની શકે છે. એકવાર અંદરથી થીજી જાય પછી તેને ઓગાળવી મુશ્કેલ બની જાય છે. વૈશાલીએ અંકિતને પોતાનું ઘર છોડી પિતાને ત્યાં ચાલ્યા જવાનું કહી દીધું અને એક ત્રીજા જ દિવસે તેને છુટાછેડાની નોટિસ મળી ગઇ. જો છુટાછેડાના પત્રમાં સહી નહી કરે તો કાનૂની ગુંચમાં ફસાવી જીંદગી બરબાર કરી નાખીશ. એવી ધમકી પણ આપી. અંકિતે સસરાને ઘણા કાલાવાલા કર્યા, સસરાને પણ લાલ આંખ કરી કહ્યું સલામત રહેવું હોય તો ડાયવોર્સના પેપરમાં સાઇન કરી દો અંકિતકુમાર...

અંકિત જાય તો કયાં જાય...? એની નાવ મઝધારમાં હતી અને હલેસા મારી કિનારે પહોંચવાની હવે તેનામાં હામ નહોતી રહી. પત્ની પાછળ ઘેલો બની મા-બાપનો કરેલો ત્યાગ પસ્તાવારૂપે અશ્રુધાર બની વહેવા લાગ્યો... પણ મતલબ અને સ્વાર્થ માણસને પામર, દિશાશૂન્ય અને બેશરમ બનાવે છે. બેશરમ થઇ તેને પિતાનું શરણું લીધું. ચોધાર આંસુ વહાવી તેમના ચરણ પપાળ્યા, દીકરાને રડતો જોઇ માતૃત્વ છલકાઇ ઉઠ્યું માતાએ દીકરાને છાતી સરસો ચાંપી કહ્યું, દીકરા, હિંમત હારીશ નહીં, અમે બેઠા છીએ ને...?

જગતના અંકિતો સાંભળો છો? મધર્સ ડે અને ફાધર્સ ડે ઉજવવા માત્રથી માતા-પિતાનું ઋણ ન ચુકવાય એમના માટે આખી જીંદગી કુરબાન કરો તોય ઓછી પડે...

(સત્ય ઘટના પર આધારિત પ્રસંગના પાત્રોના નામ કાલ્પનિક છે.)

# તલનું તેલ માલીશ માટે શ્રેષ્ઠ છે, ખાવાના ઉપયોગમાં પણ હિતકારી છે. તલ વર્ણ માટે હિતકર, વાયુના રોગોનો નાશ કરનાર, અગ્નિદિપક, ધાવણ વધારનાર છે

## નિરાયમ પંચબીજ

- ડો. કેદાર ઉપાધ્યાય

આજે કંઇક નવું જાણીએ, પંચબીજ. આપણે અગાઉ પણ વાત કરી ગયા છીએ કે આયુર્વેદમાં ઔષધોને તેના ગુણોને આધારે તેમજ બીજા ઘણા પ્રકારે અલગ-અલગ વિચારોમાં વહેંચવામાં આવ્યા છે. જેમ કે ત્રિફળા - હરડા - બહેડા - આમળાનું કોમ્બીનેશન એટલે ત્રિફળા. એવી જ રીતે દશમૂળ, પંચમૂળ, પંચકોલ આદિ ગૃપ છે. આવું જ એક ગ્રુપ છે પંચબીજ. આમા પાંચ બીજની વાત છે. આ પાંચ બીજ એટલે રાઇ, જીરુ, તલ, ખસખસ અને અજમા. તો ચાલો જાણીએ પંચબીજ વિષે.

● રાઇ : દરેક ઘરે ઓળખાતી રાઇને સંસ્કૃતમાં 'રાજીકા' કહે છે. (રાઇના દાણા જેવી અળાઇ, કે જે ઉનાળામાં શરીર પર નીકળે તે રોગને પણ સંસ્કૃતમાં 'રાજીકા' જ કહે છે.) રાઇ એ મૂળ તો તેના ફળમાંથી નીકળતા દાણા છે. ખુબ સુંદર દેખાતા પીળા ફૂલવાળા રાઇના છોડ નયનરમ્ય લાગે છે. રાઇ તીક્ષ્ણ છે. તમતમાટી બોલાવે તેવી છે. કફને દૂર કરનાર છે. જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર છે. રાઇના સરસ વઘારની સુગંધ આવે તો ભુખ ન લાગી હોય તોય બે કોળીયા ખાવાની ઇચ્છા થઇ જાય. આમ, રાઇ એપેટાઇઝર પણ છે.

વાયુને કારણે અંગ જકડાયેલ હોય તો રાઇની પોટલી બાંધવાથી રાહત થાય છે. રાઇ પાચન માટે પણ સારી છે. શરદીમાં પણ ઉપયોગમાં લેવાય. જો કે રાઇ તીક્ષ્મ છે આથી કાળજીપૂર્વક ઉપયોગ કરવો. મુખ્યત્વે રાઇ આહાર સ્વરૂપે જ વપરાય છે, ઔષધીય ઉપયોગો સિમિત છે.

● જીરુ : પ્રકૃતિમાં જીરુ રાઇ કરતા ઉલ્ટુ છે, એટલે કે તે ઠંડક આપનાર છે. જીરુ પણ રોજીંદા વઘારમાં વપરાય છે, હવે તો ઉનાળો આવ્યો એટલે ધાણા-જીરુનો જેટલો ઉપયોગ થાય તેટલું સારું. જીરુ ભૂખ લગાડનાર, પાચન કરનાર, આંખો માટે હિતકર છે. સ્ત્રીઓને શ્વેતપ્રદર (સફેદ પાણી - લ્યુકોરીયા)ની તકલીફ હોય તો જીરૂને સાકરની સાથે ચોખાના ધોવરામણમાં પાવું. પેદમાં દુખાવો કે ચુંક આવતી હોય તો જીરૂને અજમા, હીંગ અને સંચળ સાથે ફાંકવું. બાળકો માટે પણ જીરું સારું. યુનાનિમાં જીરુનું પાણી બનાવાય છે જેને આંખો ધોવા માટેના ઉપયોગમાં લેવાય છે.

● તલ : શ્રેષ્ઠ બદલાયક એવા તલ પણ રોજીંદા જીવનમાં સમાવિષ્ટ છે. તલનું તેલ માલીશ માટે શ્રેષ્ઠ છે. ખાવાના ઉપયોગમાં પણ હિતકારી છે. તલ વર્ણ માટે હિતકર, વાયુના રોગોનો નાશ કરનાર, અગ્નિદિપક, ધાવણ વધારનાર છે. કાળા તલ વધુ સારા, શિયાળામાં આપણે તલનો ઉપયોગ વધુ કરતા હોઇએ છીએ કારણ કે તલ શક્તિ આપનાર છે. વળી તે પાચનમાં થોડા ભારે છે. આથી શિયાળામાં જયારે પાચનતંત્ર પુરજોશમાં હોય ત્યારે ચીકી, કચરીયું આદિ સ્વરૂપે આપણે તલનું સેવન કરતાં હોઇએ છીએ. તલ દાંતો માટે પણ હિતકર છે. તલને ચાવી ચાવીને ખાવાથી તે દાંતો, પેઢાને પોષણ આપે છે. તલના તેલના કોગળા મોંમાં ભરી રાખવાથી પણ ફાયદો થાય છે. વાયુના રોગોમાં વિવિધ સ્વરૂપે તલ આપી શકાય. દુખાવો, અંગ જકડાઇ જવું કે પછી પક્ષાઘાત જેવા રોગોમાં તલના તેલમાં સિદ્ધ કરેલ ઔષધોનું માલિશ કે લેપન કરી શકાય.

● ખસખસ : રાઇ જેટલી જ કે તેનાથી પણ નાની સાઇઝના અને સફેદ રંગના ખસખશના બી આપણે લાડુ પર ચોપડેલાં જોયા હશે. જે છોડમાંથી અફીણ બને છે તે જ છોડના જીંડવામાં રહેલ બીજ એટલે ખસખસ જયારે અફીણની જેમ માદક નથી. ખસખસ બલવર્ધક, વિર્યવર્ધક અને ઊંઘ લાવનાર છે. ઝાડા થયા હોય તો ખસખસને દહિં સાથે લેવા. વાયુને કારણએ અંગ જકડાયેલ હોય તો ખસખસનું તેલ ચોપડવાથી ફાયદો થાય છે.

● અજમો : આપણે રસોડાનું ઔષધ છે. રૂચિ કરનાર, ભૂખ લગાડનાર, પાચન કરનાર તેમજ વાયુ અને કૃમિને દૂર કરનાર અજમો રસોડામાં ખૂબ ઉપયોગી છે. શીળસમાં અજમો એન ગોળ ખાવા. આમવાત - દુખાવો - અંગ જકડાવું આદિમાં અજમાનું તેલ ફાયદાકર છે. ગર્ભીણીઓને પણ અજમો ફાયદાકર છે. મરડામાં જીરું, હીંગ સાથે લેવું. માથાનાં દુખાવામાં પણ ફાયદાકર છે.